# પ્રેસનોટ

"નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ અભિયાન"

સ્વચ્છતાની પ્રવૃતિને વધુ આગળ વધારવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે દેશમાં એક મોડલ રાજ્ય બનાવવા તા.૨૫/૧૨/૨૦૨૩ સુશાસન દિવસે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" લોન્ચ કરવામાં આવેલ છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" નાં ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની પ્રવૃત્તિનીને વધુ વેગ આપવા તા.૧ જુન ૨૦૨૪ થી તા.૧૫ જુન ૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આજ રોજ તા.૦૯/૦૬/૨૦૨૪ ના રોજ આરોગ્ય વિભાગ દ્વારાશહેરના તમામ મહાપુરુષોની પ્રતિમા, બાગ, બગીચા, ઉદ્યાનોની સફાઈ તેમજ સરકારી રહેણાંક વસાહતોની સફાઈનીકામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

આસફાઈ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા સેન્ટ્રલ ઝોનમાંસરદાર પટેલ પ્રતિમા રેલ્વે સ્ટેશન, આંબેડકર પ્રતિમા રીંગ રોડ, મહારાણા પ્રતાપ પ્રતિમા નવાપુરા,વરાછા એ-ઝોનમાંસરદાર વલ્લભ ભાઇ પટેલ સ્ટેચ્યુ,વરાછાઝોન બી-માંરામ ચોક થી લેક ગાર્ડન,રાંદેર ઝોનમાંપરસુરામ ગાર્ડન અને કવિ કલાપી ગાર્ડન,કતારગામ ઝોનમાંડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા,ઉધના એ-ઝાંસી રાણી ગાર્ડનથી મઢીની ખમણી,ઉધનાઝોન બી-માંઉમંગ રેસીડેન્સી ગાર્ડન અને ડો. બાબા સાહેબ આંબેડકર પ્રતિમા,અઠવા ઝોનમાંશ્રી રવિ શંકર મહારાજની પ્રતિમાઅનેલીંબાયત ઝોનમાંઅટલ બિહારી વાજપેયી અનેડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા અને તેની આજુબાજુના વિસ્તારમાંસફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. જેમાં તમામ ઝોનમાં કુલ૧૧૨૫ સફાઈ કામદાર/બેલદાર, ૭૫ સુપરવાઈઝર,૭૪ વાહનો દ્વારા ઝોનલ ચીફશ્રીની દેખરેખ હેઠળસફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સદર સફાઈ ઝુંબેશમાં સફાઈ કામદાર, NGO/SHG ગ્રુપ તેમજ શહેરીજનો સહીત કુલ ૫૦૫૦ લોકો હાજર રહેલ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દરેક ઝોન વિસ્તાર માંથી કુલ ૫૯.૪૨ મે.ટન કચરો અને ૨૬.૩૬ મે.ટન C&D વેસ્ટ એકત્રીત કરી C&D વેસ્ટ C&D વેસ્ટ કલેક્શન એન્ડ પ્રોસેસિંગ સેન્ટર, કોસાડ ખાતે મોકલી નિકાલ કરવામાં આવેલ છે તેમજ ટેકનીકલ વિભાગ દ્વારા કુલ ૨૯૩ ચો.મી. ફૂટપાથ રીપેરીંગ, ૨૩૦ડ્રેનેજ મશીન હોલ/ચેમ્બરની સફાઈ અને ૩૦૨ ચો.મી. પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

વધુમાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વરાછા ઝોન- એ અને વરાછા ઝોન-બી ખાતે કચરો ઘટાડવા, રિસાયકલ અને પુનઃઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે5R કેન્દ્રોને ઘરના દરવાજા સુધી લઈ જવામાં આવ્યા હતા. જેમાં સુરતના સક્રિય નાગરિકોએ તેમની બિનજરૂરી વસ્તુઓ જેવી કે બિન જરૂરી જુના કપડા, રમકડાં, ચોપડા, પગરખા જેવી વસ્તુઓનું દાન કરવામાં આવેલ હતું. આ પહેલમાં વરાછા ઝોન-એ અને ઝોન-બી ની કુલ 26 સોસાયટીઓ સહભાગી થઈ હતી જેમાં દરેક વયજૂથના નાગરિકોએ એકરસ થઈ ઉત્સાહ દર્શાવ્યો હતો. સદર પહેલ દરમ્યાન ૨૫૦ થી વધુ રમકડાં, 600થી વધુ કપડાં તથા બિનજરૂરી ઇલેક્ટ્રિક વસ્તુઓનું કલેક્શન કરી આ વસ્તુનું જરૂરતમંદ લોકોને વિતરણ કરવામાં આવશે.

ઉપરાંત આઆવતીકાલ તા.૦૭-૦૬-૨૦૨૪ ના રોજ શહેરી વિસ્તારના તમામ જાહેર અને સામુદાયીક શૌચાલયોની સાફ સફાઇ અને જરૂરી મરામતની કામગીરી હાથ ધરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૬
તા.૦૬/૦૬/૨૦૨૪